# વાવાઝોડા ઈફેક્ટ : સાબરકાંઠા, અરવલ્લીમાં ખેતી નુક્સાન, ૩૬ ટીમ સર્વે કરવા ઉતરી







## બાજરી, મગના પાકમાં અંશતઃ નુક્સાન, તાપ નિકળતાં નુક્સાન ઘટશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તાઉ-તે વાવાઝોડાના કારણે રાજ્યમાં ખેતી અને બાગાયતી પાકને થયેલા નુક્સાન બાબતે સર્વે શરૂ થયો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં વાવાઝોડા સાથે દોઢ થી પાંચ ઈંચ વરસાદ ખાબકતાં ખેતી ક્ષેત્રે મોટા નુક્સાનનો અંદાજ છે. સાબરકાંઠામાં ૧૯ અને અરવલ્લીમાં ૧૭ ટીમો દ્વારા ખેતીમાં ખેડૂતોને કેટલું નુક્સાન ગયું તેનો અંદાજ માંડવાની ક્વાયત શરૂ થઈ છે. બાજરી, મગના પાકમાં અંશતઃ નુક્સાનના આંકડા સામે આવી રહ્યા છે. જ્યારે જિલ્લામાં વધુ પ્રમાણમાં શાકભાજી અને તે પણ કોબિઝ, ફુલાવર અને રીંગણ જે જમીન ઉપર થતા હોય છે જેના કારણે નુક્સાનની સંભાવના ઓછી હોવાનું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. વાવાઝોડાની વિદાય પછી બીજા દિવસે તાપ નિકળતાં નુક્સાન ઘટશે.

ગુજરાતને વાવાઝોડાએ અનેક વિસ્તારોમાં તબાહ કર્યું છે. વડાપ્રધાન દ્વારા તાબડતોબ ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યા પછી રૂ.૧૦૦૦ કરોડની સહાય જાહેર કરી છે. સાબરકાંઠા, અરવલ્લીમાં અનેક વિસ્તારોમાં ૭૦ થી ૮૦ કી.મી.ની ઝડપે પવન ફુંકાયો અને ધોધમાર વરસાદ વરસતાં ખેતીનો સોથ વળી ગયો છે, અનેક વૃક્ષો ધરાશાયી થયા છે, વિજપોલ જમીન દોસ્ત થઈ જતાં અસંખ્ય ગામડાઓમાં અંધારપટની સ્થિતિ હતી. જ્યાં યુદ્ધના ધોરણે વિજ પુરવઠો શરૂ કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે બંન્ને જિલ્લામાં વાવાઝોડા અને વરસાદ પછી ખેતીને કેટલું નુક્સાન થયું છે તેનો અંદાજ મેળવવા સાબરકાંઠા અને અરવલ્લી ખેતી વિભાગ દ્વારા ટીમો તૈનાત કરી તમામ ૧૪ તાલુકાઓમાં મોકલવામાં આવી છે. તેમનો રિપોર્ટ આવ્યા પછી રાજ્યના ખેતી વિભાગને રિપોર્ટ મોકલવામાં આવશે.

### બાજરી, મગના પાકને અંશતઃ નુક્સાન, ખેતી અધિકારી-સાબરકાંઠા

સાબરકાંઠા ખેતી અધિકરી વી. કે. પટેલે જણાવ્યું કે વાવાઝોડા અને વરસાદના કારણે જિલ્લામાં ખેતીને થયેલા નુક્સાનનો અંદાજ મેળવવા ટીમો દ્વારા સર્વે શરૂ કરવામાં આવ્યો છે. બાજરી અને મગના પાકમાં અંશતઃ નુક્સાનની સંભાવના છે પરંતુ બીજા દિવસે સંપૂર્ણ ઉઘાડ નિકળતાં નુક્સાન ઓછું હોઈ શકે છે..!!

### નુક્સાન સર્વેનો રિપોર્ટ તૈયાર થયા પછી રાહત પેકેજ જાહેર થવાની સંભાવના..

પ્રાપ્ત જાણકારી અનુસાર વાવાઝોડાએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અનેક ખેડૂતોને ખેતી પાકમાં નુક્સાન પહોંચાડ્યું છે જેથી બંન્ને જિલ્લાની કુલ-૩૬ ટીમ સર્વે કરવા ઉતરી પડી છે. કયા ખેડૂતોને કયા પાકમાં કેટલું નુક્સાન ગયું છે તેનો અંદાજ મેળવી સર્વે રિપોર્ટ જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષાએ મોકલાશે અને ત્યારબાદ રાહત પેકેજ જાહેર થાય તેવી સંભાવના છે.

## સલામ વિજ તંત્ર : બાયડ યુ.જી.વી.સી.એલ. વાવાઝોડા સાથે વરસાદ છતાં વિજ પુરવઠો જાળવી રાખ્યો

### ઓછા સ્ટાફ છતાં ૪૭૦ ફરિયાદોનો ગણતરીના કલાકમાં ઉકેલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તાઉ-તે વાવાઝોડાએ સરકારની ઉંઘ હરામ કરી દીધી હતી. બાયડ તાલુકામાં ૭૫ થી ૮૦ કી.મી.ની ઝડપે વાવાઝોડા સાથે ૪ ઈંચ વરસાદ ખાબક્યો ત્યારે બાયડ યુ.જી.વી.સી.એલ.ના સ્ટાફે આખી રાત જીવની પરવા કર્યા વગર એકાદ-બે અપવાદને બાદ કરતાં રાબેતા મુજબ વિજ પુરવઠો જાળવી રાખી નેત્ર દિપક કામગીરી કરતાં બાયડના નગરજનોએ તેની નોંધ લીધી છે. બાયડ ટાઉનમાં માત્ર ૪ હેલ્પરોનો સ્ટાફ છે અને તેમ છતાં ૪૭૦ ફરિયાદોનો ગણતરીના કલાકોમાં ઉકેલ લાવ્યા છે. જાણવા મળ્યા મુજબ બાયડ જી.ઈ.બી.ના નાયબ કાર્યપાલક ઈજનેર પી.એમ.તબિયાડ સહિતનો સ્ટાફ છેલ્લા ૨૦ કલાક દરમ્યાન સતત કામગીરી કર્યાનું જાણવા મળ્યું છે.

સરકારની સાથે ઉર્જા વિભાગની કામગીરી પણ પ્રસંશા થવી જોઈએ કારણ કે રાત્રે વાવાઝોડું ત્રાટક્યું અને સંપૂર્ણપણે વિજ પુરવઠો ખોરવાઈ જાય તો મોટી જાનહાનીનો ભય હતો પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તલોદ વર્તુળ દ્વારા તાબાના તમામ અધિકારીઓને વાવાઝોડા દરમ્યાન એલર્ટ રહેવા જણાવ્યું હતું. યોગ્ય સંકલન ઉભું થયું અને વાવાઝોડું ત્રાટક્યું ત્યારે બાયડમાં પણ ભારે વાવાઝોડાના કારણે થોડાક સમય માટે વીજળી ડૂલ થઈ પરંતુ ત્યારબાદ રાબેતા મુજબ વિજ પુરવઠો શરૂ થઈ ગયો. બાયડમાં અનેક વિસ્તારોમાં ફોલ્ટ ઉભા થયા પરંતુ જ્યાં અનિવાર્ય હોય ત્યાં વિજ પુરવઠો તાબડતોબ શરૂ કર્યો. ઝાડ પડ્યું હોય કે પછી કેબલ ફાયર થયું હોય તેવા વિસ્તારોમાં વિજ પુરવઠો શરૂ કરવામાં થોડી અડચણ આવી પરંતુ એકંદરે બાયડ યુ.જી.વી.સી.એલ.ની સારી કામગીરીની સ્થાનિક લોકોએ નોંધ લીધી છે. બાયડ પાલિકા વિસ્તારનો વ્યાપ વધ્યો છે ત્યારે ઉત્તર ગુજરાત વિજ કંપનીએ પણ બાયડમાં હેલ્પરનો સ્ટાફ વધારવો જોઈએ કારણ કે ઓછો સ્ટાફ હોવાથી કર્મચારીઓ ઉપર કામનું ભારણ બે થી ત્રણ ગણું વધી ગયું છે.

## ઈલોલ વાંઘાની કોતરોમાંથી અજાણી મહિલાનો મૃતદેહ મળતા ચકચાર

હિંમતનગર શહેરને અડીને આવેલા ઈલોલ ગામની સીમમાંથી ગતરોજ ૧૯ મે ૨૦૨૧ ના રોજ કોઈપણ સમયે સુફીયાનભાઈ હીફફજુરભાઈ મસુના ખેતરમાં આવેલા વાઘાની કોતરોમાં એક ૩૦ થી ૩૫ વર્ષની મહિલાની કોવાયેલી હાલતમાં લાશ મળતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે વાઘાની કોતરોમાં થી મહિલાની કોહવાયેલી હાલતમાં લાશ મળી આવી હોવાના સમાચાર લોકોમાં વાયુવેગે પ્રસરી જતા ગ્રામજનો સહિત લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા સમગ્ર ઘટના અંગે ગ્રામજનો દ્વારા હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે જાણ કરતા ગ્રામ્ય પોલીસ સહિત મામલતદાર સ્ટાફની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી.

## ખેડૂતોમાં ખુશાલી : ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે ખાતરમાં સબસીડી રાહતરૂપ

### સબસીડીમાં ૧૪૦ ટકા જેટલો વધારો કરાયો, ખેડૂતોનો રોષ પારખી કેન્દ્ર સરકાર યોગ્ય નિર્ણય

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

ખાતરના ભાવમાં વધારો થતાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યના ખેડૂતોમાં રોષ વ્યાપ્યો હતો. ભાજપના આગેવાનો પણ ખેડૂતોના આક્રોશથી વ્યથિત થયા હતા ત્યારે કેન્દ્ર સરકારે આખરે ખાતરના ભાવમાં ખેડૂતોને રાહત આપી છે. સબસીડીમાં ૧૪૦ ટકાનો વધારો કરતાં ઉત્તર ગુજરાતમાં ૯ લાખ ખેડૂતોમાં જરૂર ખુશાલી છવાઈ હશે. જ્યારે ખાતરના ભાવ વધારા મુદ્દે એક્શનમાં આવેલી કોંગ્રેસ હવે સબસીડી જાહેર કર્યા પછી એકપણ નિવેદન આપવાની સ્થિતિમાં નથી.

ખેડૂતો માટે ખેતીનો વ્યવસાય આમ તો ખોટ કરતો વ્યવસાય બની ગયો છે પરંતુ અનેક ખેડૂત પરિવારો ઓછી આવક છતાં ખેતીના વ્યવસાયને છોડી શકે તેમ નથી. શિયાળુ, ઉનાળુ અને ચોમાસા દરમ્યાન કમોસમી વરસાદ અને અન્ય રોગચાળાના ઉપદ્રવથી ખેડૂતો પાયમાલ થઈ જાય છે. જ્યારે પોષણક્ષમ ભાવમાં પણ ખેડૂતોને યોગ્ય વળતર મળતું નથી. ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે તેવા સમયે ખાતરના ભાવમાં ૫૪ ટકા જેટલો વધારો ઝીંકાતાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ, મહેસાણા સહિતના રાજ્યના ખેડૂતોમાં રોષ વ્યાપ્યો અને ખાતર પરનો ભાવ વધારો પાછો ખેંચવા આવેદનપત્ર અપાયાં. કેટલાક ખેડૂતોએ તળાવમાં ધરણાં યોજી અનોખો વિરોધ કર્યો. જ્યારે ખેડૂતોનો રોષ વધુ પ્રબળ બનવાની સંભાવના છે ત્યારે સરકાર દ્વારા ખેડૂતોને ખાતરના ભાવમાં રાહત આપવાનો નિર્ણય લઈ કેન્દ્ર સરકારે સબસીડીમાં ૧૪૦ ટકાનો વધારો કર્યો છે. જેથી ખેડૂતોને ડી.એ.પી. ખાતરની થેલી રૂ.૧૨૦૦માં મળશે જે અગાઉ રૂ.૨૪૦૦ ભાવ હતો. ભાજપ સરકાર ખેડૂતો માટે સંવેદનશીલ હોવાનું ફરી એકવાર પૂરવાર કરી દેખાડ્યું છે.

## વાવાઝોડા ઈફેક્ટ : જિલ્લાની પ્રજાને કેસર કેરી સસ્તી મળવાની આશા

### અનેક વેપારીઓએ ૧ મહિના સુધી ઉંચા ભાવ લઈને લૂંટ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તાઉ-તે વાવાઝોડાએ કેરીના પાકને તહસ નહસ કર્યો છે હવે આવી કેરીઓ બજારમાં ઠલવાશે. જેથી કેસર કેરી આગામી ૨-૩ દિવસમાં જ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની પ્રજાને સસ્તા ભાવે મળે તેવી આશા છે. અનેક વેપારીઓએ ૧ મહિના સુધી ઉંચા ભાવ લઈને કેરીના શોખીનોને લૂંટ્યા છે. વાવાઝોડારૂપી કુદરતી થપાટથી કેરીના શોખીનોને સસ્તા ભાવે કેરી મળી શકે છે.

ખેડૂતનો ભીંજાઈ ગયેલો માલ વેપારીઓ સસ્તા ભાવે ખરીદતા



હોય છે અને ઉંચા ભાવે વેચતા હોય છે પરંતુ કાળી મજૂરી કરનારા ખેડૂતોને છેતરનારા કોઈ સુખી થયા નથી પછી ભલે તે વેપારી હોય કે વ્યાજખોર હોય. કોઈને કોઈ રીતે કુદરત તેમને સરખા કરી દે છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતની કેસર કેરી મોટાપાયે ઠલવાય છે અને આ વર્ષે તગડો ભાવ વેપારીઓએ વસુલીને અઢળક નફો કર્યો હતો પરંતુ બે દિવસ અગાઉ સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાના કારણે કેસર કેરીનો પાક ખરી પડ્યો હતો અને હવે આવી ખરી પડેલી કેરી વેપારીઓ દ્વારા મોટાપાયે રાજ્યના અન્ય બજારોમાં ઠાલવવામાં આવશે ત્યારે આવા ખરી પડેલા કેસર કેરીના પાકમાં વધુ નફો રળવાની ખંધી નીતિ વેપારીઓને ભારે પડી શકે છે. કારણ કે વરસાદ પડ્યા પછી કેરીનો રસ બેસ્વાદ બની જાય છે. ત્યારે કેસર કેરી ખરીદવા જતા લોકો હવે યોગ્ય ખરાઈ કરીને કેરી ખરીદી શકે છે. જાણવા મળ્યા મુજબ સૌથી વધુ કેસર કેરી પકવતા ઉના, તાલાલા અને જુનાગઢ વિસ્તારમાં કેરીના પાકનો સોથ વળ્યો છે તે જોતાં મબલખ પ્રમાણમાં કેરી બજારમાં આવશે અને સસ્તા ભાવે વેચવા સિવાય કોઈ આરો નથી. એક રીતે વાવાઝોડાએ આ સાથે કેરીની સીઝન પણ એક પખવાડીયું વહેલી ટૂંકાવી દીધી છે.





## વાવાઝોડાની વિદાય : આકાશમાં સર્જાયો નયનરમ્ય નજારો, ૨૧મી સદીનો મનુષ્ય લાચાર

કોરોના મહામારીએ સૌને સ્તબ્ધ કર્યા છે. આફત આવે એટલે ઉપરા છાપરી આવે તે કહેવત અનુસાર ગુજરાત અને ઉત્તર ગુજરાત કોરોનાની મહામારી સામે જંગ ખેલી રહ્યું છે ત્યારે તાઉ-તે વાવાઝોડાએ રાજ્યના અનેક જિલ્લાઓને ઘમરોળી નાખ્યા. સતત ૩ દિવસ આકાશ કાળાં ડિબાંગ વાદળોથી ઘેરાયું અને ત્યાર પછી માણસ હવામાં ઉડે તે રીતે તેજ ગતિથી પવન ફુંકાયો અને કમોસમી વરસાદ વરસી પડ્યો. ખેડૂતો કેટલા પાયમાલ થયા તેનું ગણિત મંડાય છે. કુદરતે કાળા માથાના માનવીને વાવાઝોડાની થપાટ આપી હજુ પણ પ્રકૃતિને સાચવો તેવો મેસેજ આપ્યો છે. વાવાઝોડાની અસરમાંથી જિલ્લો મુક્ત થયા પછી આકાશમાં નયનરમ્ય નજારો જોવા મળ્યો. અરવલ્લીના બાયડ નજીકના સરસોલી ગામના જેક ગોસ્વામીને પ્રકૃતિના નયનરમ્ય દ્રશ્યો કેમેરામાં કંડારવાનો અદ્‌ભૂત શોખ રહ્યો છે. જાણે ૩ દિવસ સુધી કાળાં ડીબાંગ વાદળોથી ઘેરાયેલું આકાશ ગુંગળામણ અનુભવતું હોય તે રીતે વાવાઝોડાની વિદાય પછી ધીરે ધીરે આકાશ સ્વચ્છ થયું અને ઢળતી સાંજે સનસેટ પોઈન્ટનું આલ્હાદક દ્રશ્ય કેમેરામાં કંડારી દીધું.

## હાશ થઈ.. : ઉત્તર ગુજરાતમાં ૭૨ કલાક બાદ વાતાવરણમાં ઉઘાડ, એક જ દિવસમાં તાપમાનનો પારો ૬ ડિગ્રી ઉંચકાયો

### વેપારીઓ મલકાયા, હોમ ક્વોરન્ટાઈન કોરોનાગ્રસ્ત દર્દીઓને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તાઉ-તે વાવાઝોડાના કારણે કાળાં ડિબાંગ વાદળો અને વાવાઝોડા સાથે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં અડધા થી સાડા પાંચ ઈંચ વરસાદ વરસતાં ખેતી ક્ષેત્રે ખાનાખરાબી થઈ. ગરમીમાં પિશાતી પ્રજાને ઠંડકથી રાહત થઈ. વાવાઝોડું ઉત્તર ગુજરાતથી રાજસ્થાન તરફ પસાર થઈ ગયું. વાવાઝોડું પસાર થયાના ૭૨ કલાક બાદ વાતાવરણમાં ઉઘાડ જોવા મળ્યો. એક જ દિવસમાં તાપમાનનો પારો ૬ ડિગ્રી ઉંચકાતાં બપોરે ગરમીના કારણે પ્રજાએ ફરી એકવાર ઠંડક આપતાં ઉપકરણો શરૂ કર્યા હતાં. ઉઘાડ નિકળતાં બજારોમાં ઘરાકી દેખાઈ જેના કારણે વેપારીઓ મલકાયા. હોમ ક્વોરન્ટાઈન કોરોનાગ્રસ્ત દર્દીઓને પણ વાતાવરણ સ્વચ્છ થતાં રાહત થઈ છે.

ઉત્તર ગુજરાતમાં તા.૧૮ અને ૧૯ ના રોજ વાવાઝોડાની ઈફેક્ટના કારણે વાતાવરણમાં પલ્ટાવ આવ્યો. વાવાઝોડું તેજ ગતિએ અમદાવાદ નજીકથી પસાર થયું અને સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા સહિતના અનેક વિસ્તારોમાં ચોમાસુ જામ્યું હોય તે રીતે વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસ્યો. સતત ૩ દિવસ સુધી વરસાદી માહોલના કારણે પ્રજા અકળાઈ હતી. વાવાઝોડું પસાર થઈ ગયા પછી ૭૨ કલાક બાદ વાતાવરણમાં સંપૂર્ણ ઉઘાડ જોવા મળ્યો. ઉત્તર ગુજરાતમાં ગુરૂવારે બપોરે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે આગામી ૨ દિવસમાં ફરી આકરા ઉનાળા જેવી ગરમીનો અનુભવ થઈ શકે છે.

## સાબરકાંઠા, અરવલ્લીમાં વાવાઝોડાના કારણે સ્થળાંતર થયેલા લોકોને કેશડોલનું વિતરણ

### વ્યક્તિ દીઠ ૧૦૦, બાળકોને ૬૦નું ચૂકવણું

તાઉ-તે વાવાઝોડાના કારણે અનેક લોકોને સલામત સ્થળે ખસેડીને સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સાબરકાંઠા, અરવલ્લીમાં પણ વાવાઝોડાના કારણે સ્થળાંતર કરાયેલા લોકોને સરકાર દ્વારા કેશડોલનું વિતરણ શરૂ થયું છે જેમાં પુખ્તવયના વ્યક્તિ દીઠ રૂા.૧૦૦, બાળકોને રૂા.૬૦ નું ચૂકવણું કરવામાં આવશે. રાજ્ય સરકારની કોર કમીટીની બેઠક પછી સ્થળાંતર થયેલા લોકોને કેશડોલ વિતરણ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં અંદાજે ૧૬૦૦થી વધુ લોકોને સલામત સ્થળે સ્થળાંતર કરી તેમને ફુડ પેકેટ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. વાવાઝોડાના કારણે તા.૧૬ થી ૧૮ મે. દરમ્યાન નિચાણવાળા વિસ્તારોમાં રહેતા અનેક લોકોનું સ્થળાંતર કરવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્થાનિક તંત્રને આદેશ આપવામાં આવ્યા હતા જે મુજબ તા.૧૬ કે ૧૭ મે. ના દિવસે જેમનું સ્થળાંતર થયું હશે તેમને ૭ દિવસની કેશડોલ અને તા.૧૮ ના રોજ સ્થળાંતર થયું હશે તેમને ૩ દિવસની કેશડોલ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. જિલ્લામાંથી વાવાઝોડાની અસર ઓસરી જતાં ગુરૂવારે સવારે જ સ્થળાંતર થયેલા લોકોએ ઘર તરફ પ્રયાણ કર્યું હતું.